Pages 8 કિંમત Rs. 2/- email : westerntimesguj@gmail.com www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

બુધવાર તા.૨૯, ઓક્ટોબર ૨૦૨૫
29/10/2025 * VOL : 40 * NO. 45 સંવત- ૨૦૮૨, કારતક સુદ-૭

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

આજનો સુવિચાર
ઘણું દુર જવું પડે છે ફક્ત એ જોવા કે આપણી નજદીક કોણ છે.

## ૧ કરોડથી વધુ કર્મચારીઓને ફાયદો

# મોદી સરકારે ૮મા પગાર પંચની રચનાને આપી મંજૂરી

### ભલામણો રજૂ કરવા પગાર પંચને અઢાર મહિનાનો સમય આપવામાં આવ્યો

**નવીદિલ્હી,** કેન્દ્ર સરકારે આજે આઠમા પગાર પંચને મંજુરી આપી દેતા હવે પંચની તબક્કાવાર બેઠકો યોજાશે પગાર પંચના અમલથી અંદાજે ૧ કરોડ જેટલા સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે. પંચની તબક્કાવાર બેઠકો યોજાયા બાદ તેમાં થયેલી ભલામણોનો વિસ્તૃત અહેવાલ નાણાં વિભાગને સુપ્રત કરવામાં આવશે ત્યારબાદ આ ભલામણોનો સ્વીકાર કરવામાં આવશે. પીએમ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી છે. આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ૮મા કેન્દ્રીય પગાર પંચની રચના, સંદર્ભ શરતો અને સમયગાળો પ્રધાનમંત્રી દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. આ એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય છે. કમિશનની ભલામણમાં સંરક્ષણ સેવાઓના કર્મચારીઓ સહિત લગભગ ૫૦ લાખ કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને લગભગ ૬૯ લાખ પેન્શનરોને આવરી લેવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી તેમ અશ્વિની વૈષ્ણવે જણાવ્યું. તેઓએ વધુમાં કહ્યું કે ૫૦ લાખ કેન્દ્રિય મંત્રીઓને આનાથી ફાયદો થશે. કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે. મંત્રીમંડળે જાન્યુઆરીમાં ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી હતી. આજે મંત્રીમંડળે તેના સંદર્ભની શરતોને મંજૂરી આપી.



આ પંચ ૧૮ મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે. આનાથી અંદાજે ૫૦ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાભ થશે.

આ કમિશન આગામી ૧૮ મહિનાની અંદર સરકારને પોતાની ભલામણો સુપરત કરશે, ત્યારબાદ ૨૦૨૭ થી પગાર અને પેન્શન વધારો લાગુ કરી શકે છે. . કેબિનેટની બેઠક બાદ જાહેર કરાયેલી પ્રેસ નોટમાં જણાવાયું છે કે આઠમા પગાર પંચ માટે સંદર્ભની શરતોને મંજૂરી આપવામાં આવી છે. પગાર પંચમાં એક અધ્યક્ષ, એક સભ્ય (અંશકાલિક) અને એક સભ્ય સચિવનો સમાવેશ થશે. પગાર પંચની રચના પછી તેની ભલામણો રજૂ કરવા માટે તેને અઢાર મહિનાનો સમય આપવામાં આવ્યો છે. NC-JCM (સ્ટાફ સાઈડ) સચિવ શિવ ગોપાલ મિશ્રાએ જણાવ્યું હતું કે આઠમા પગાર પંચના અમલીકરણમાં વિલંબ થઈ શકે છે પરંતુ તે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલી માનવામાં આવશે. આનો અર્થ એ છે કે જો વિલંબ થાય છે, તો ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી કર્મચારીઓમાં બાકી રકમ ઉમેરી શકાય છે.

અગાઉ, જ્યારે સાતમું પગાર પંચ લાગુ કરવામાં આવ્યું હતું, ત્યારે વિલંબ થયો હતો, અને બધા કર્મચારીઓ અને પગારદાર કર્મચારીઓને બાકી રકમ ચૂકવવામાં આવતી હતી. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોનું પ્રતિનિધિત્વ કરતા ફોરમ, NC-GCM એ જાન્યુઆરીમાં કેન્દ્ર સરકારને સંદર્ભની શરતો રજૂ કરી હતી.

એ નોંધનીય છે કે વધતા જતા ફુગાવા અને અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને દર ૧૦ વર્ષે એક નવું પગાર પંચ રચવામાં આવે છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર, ભથ્થાં અને અન્ય લાભોમાં સુધારો કરે છે. તે મુજબ, આઠમું પગાર પંચ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી પ્રભાવિ માનવામાં આવશે. આ વર્ષે જાન્યુઆરીમાં આઠમું પગાર પંચની રચનાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી મેળવવામાં લગભગ ૧૦ મહિના લાગ્યા હતા. આ વિલંબને કારણે સરકારી કર્મચારીઓ અને તેમના સંગઠનોમાં અસંતોષનો અવાજ ઉઠ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શરીફે કાશ્મીર મુદ્દે જુઠ્ઠાણુ ફેલાવ્યું, Xએ કર્યું ફેક્ટ ચેક

**(એજન્સી) નવીદિલ્હી,** પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ જમ્મુ-કાશ્મીર પર સહાનુભૂતિ મેળવવાના ઈરાદે ૨૭ ઓક્ટોબર, ૧૯૪૭ની ઘટનાને ભ્રામક રીતે રજૂ કરી રહ્યા હતા. જોકે, X પર તેમનો આ પ્રયાસ નિષ્ફળ ગયો. લોકોએ તેમને એવા સાચા દસ્તાવેજો રજૂ કર્યા કે તેમની પાસે કોઈ જવાબ નહોતો. ખોટા સમાચાર ફેલાવવાની આ નાપાક ઝુંબેશમાં પાકિસ્તાનનું ટોચનું નેતૃત્વ પણ સામેલ રહે છે ૨૭ ઓક્ટોબરે, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારતના અભિન્ન અંગ જમ્મુ-કાશ્મીર વિશે અસત્ય ફેલાવવાનો પ્રયાસ કર્યો. શાહબાઝે કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ ગણાવીને, ભારત પર આક્રમણનો આરોપ મૂક્યો અને સાથે જ દાવો કર્યો કે જમ્મુ-કાશ્મીરમાં ‘માનવ અધિકારોનું ઉલ્લંઘન‘ થઈ રહ્યું છે.

### ભારતની ૨૨ નકલી યુનિવર્સિટી, UGC એ જાહેર કર્યુ લિસ્ટ

**(એજન્સી) નવીદિલ્હી,** ભારતમાં ૨૨ યુનિવર્સિટીઓ પકડાઈ છે. જેમાંથી મોટાભાગની સંસ્થાઓ દિલ્હીમાં આવેલી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ ફરી એકવાર એક અમાન્ય સંસ્થા વિશે ચિંતા વ્યક્ત કરી છે જે ખોટી રીતે પોતાને કાયદેસર એન્જિનિયરિંગ કોલેજ તરીકે રજૂ કરે છે.

UGCએ ૨૨ સંસ્થાઓની યાદી જારી કરી છે, જેમાં વિદ્યાર્થીઓને ચેતવણી આપવામાં આવી છે કે તેઓ માન્ય યુનિવર્સિટીઓના આડમાં પ્રવેશ આપે છે. જો કે, આ સંસ્થાઓ UGC ના નિયમોની બહાર આવે છે, જેના કારણે તેમની પાસેથી મેળવેલી ડિગ્રીઓ અમાન્ય બને છે. જો તમે ઉચ્ચ શિક્ષણ માટે તૈયારી કરી રહ્યા છો અથવા તમારી નજીકની કોઈ વ્યક્તિ ૧૨મા ધોરણ પછી કોલેજમાં જઈ રહી છે, તો UGC વેબસાઈટ પર નકલી યુનિવર્સિટીઓની રાજ્યવાર યાદી તપાસવાનું ભૂલશો નહીં. યુજીસીની રાજ્યવાર નકલી સંસ્થાઓની યાદીમાં, દિલ્હીમાં સૌથી વધુ નકલી સંસ્થાઓ છે.

## રવિ સીઝન માટે ન્યૂટ્રિયન્ટ બેઝ સબસિડીની સરકારે કરી જાહેરાત

**(એજન્સી)નવીદિલ્હી,** આજે યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં બે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે, જેમાં ખેડૂતો અને સરકારી નોકરી કરતા લોકોને મોટી ભેટ આપવામાં આવી છે. ખેડૂતો માટે ખાસ રવિ સીઝન માટે કેબિનેટની બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. તેનાથી ફર્ટિલાઈઝર કંપનીઓને મોટી રાહત મળી છે. રવિ સીઝન માટે ન્યૂટ્રિયન્ટ બેઝ સબસિડીની જાહેરાત સરકારે કરી છે. જેની હેઠળ ૨૦૨૫ની રવિ સીઝન માટે ૩૭,૯૫૨ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. નાઈટ્રોજન પર રૂપિયા ૪૩.૦૨ પ્રતિ કિલો સબસિડી મળશે તો ફોસ્ફરસ પર રૂપિયા ૪૭.૯૬ પ્રતિ કિલો સબસિડી મળશે. પોટાસ પર રૂપિયા ૨.૩૮ અને સલ્ફર પર રૂપિયા ૨.૮૭ સબસિડી મળશે. ૧ ઓક્ટોબર ૨૦૨૫થી આ ભાવ લાગૂ થશે. આ સમાચાર મળતા જ ફર્ટિલાઈઝર કંપનીઓના શેર રોકેટ ગતિએ દોડ્યા છે. જેમાં ચંબલ ફર્ટિલાઈઝર ૨.૦૫ રૂપિયા વધીને ૪૮૮ રૂપિયા પર પહોંચ્યો છે. ત્યારે કોરોમંડલ ઈન્ટરનેશનલના શેરનો ભાવ ૨૨૩૪.૮૦ રૂપિયા પર જોવા મળ્યો છે. આ સિવાય ફેર્ટ અને કેમ, દિપક ફર્ટિલાઈઝર, મદ્રાસ ફેર્ટના શેરમાં પણ તેજી જોવા મળી છે.

## અમેરિકા જવા-આવવાના નિયમોમાં ફેરફાર કરાયો

**(એજન્સી) નવીદિલ્હી,** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ગેરકાયદે ઈમિગ્રેશન પરના કડક વલણને પગલે યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)એ નવા અને કડક સરહદી નિયમો જાહેર કર્યા છે. આ નવા નિયમો અંતર્ગત દેશમાં પ્રવેશતા અને બહાર નીકળતા તમામ બિન-અમેરિકન નાગરિકોનો ફોટોગ્રાફ અને બાયોમેટ્રિક ડેટા લેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ નિયમમાં અમેરિકાના ગ્રીન કાર્ડ (કાયમી નિવાસી) ધરાવતા લોકોનો પણ સમાવેશ થાય છે.

યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP) દ્વારા સુરક્ષા મજબૂત કરવા અને નકલી મુસાફરી દસ્તાવેજોના ઉપયોગને અટકાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. આ નિયમ ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે.

CBP અધિકારીઓ જમીન, સમુદ્ર અને એરપોર્ટ સહિત દેશમાં પ્રવેશના તમામ સ્થળોએ મુસાફરી કરતા અને ત્યાંથી આવતા તમામ બિન-અમેરિકનોના ફોટોગ્રાફ્સ અને અન્ય બાયોમેટ્રિક માહિતી એકત્રિત કરશે. અગાઉ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના અને ૭૯ વર્ષથી વધુ ઉંમરના પ્રવાસીઓને ફોટોગ્રાફિક અને બાયોમેટ્રિક તપાસમાંથી મુક્તિ આપવામાં આવતી હતી. હવે આ છૂટને દૂર કરીને આ વય જૂથોના લોકો માટે પણ બાયોમેટ્રિક ડેટા એકત્રિત કરવો ફરજિયાત બનશે.

CBP હાલમાં કેટલાક મુખ્ય એરપોર્ટ્સ પર ફેશિયલ રેકગ્નિશન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, પરંતુ નવા નિયમથી આ પ્રક્રિયા તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર ફરજિયાત બનશે.

DHSના જણાવ્યાનુસાર, આ નવા નિયમના અમલીકરણથી આઈડેન્ટિટી ફ્રોડ શોધવામાં, વિઝા ઓવરસ્ટે કરનારાઓને ટ્રેક કરવામાં અને સરહદ પરની સુરક્ષાને મજબૂત બનાવવામાં મદદ મળશે.

## તૂર્કિયેમાં ૬.૧ તીવ્રતાનો ભૂકંપ

**(એજન્સી) બાલિકેસિર,** પશ્ચિમી તૂર્કિયેમાં ૬.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેના કારણે ઓછામાં ઓછી ત્રણ ઈમારતો ધરાશાયી થઈ ગઈ હોવાની માહિતી અધિકારીઓએ આપી હતી. અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું કે પડી ગયેલી આ ઈમારતો અગાઉના ભૂકંપને લીધે પહેલેથી જ ક્ષતિગ્રસ્ત હતી. તેમજ આ ઘટનામાં તાત્કાલિક કોઈ જાનહાનિના સમાચાર નથી. AFAD (આપત્તિ અને કટોકટી વ્યવસ્થાપન એજન્સી) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ૬.૧ તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર બાલિકેસિર પ્રાંતના સિંદિરગી શહેરમાં જમીનથી ૫.૯૯ કિલોમીટરની ઊંડાઈએ હતું, જે સ્થાનિક સમય અનુસાર રાત્રે ૧૦ વાગ્યેને ૪૮ મિનિટે આવ્યો હતો. આ ભૂકંપના મુખ્ય આંચકા પછી અનેક આંચકા (આફ્ટરશોક્સ) પણ આવ્યા હતા, જે માત્ર ઈસ્તંબુલ જ નહીં, પરંતુ તેની આસપાસના બુર્સા, મનીસા અને ઈઝમિર જેવા પ્રાંતોમાં પણ અનુભવાયા હતા. ગૃહ મંત્રી અલી યેરલિકાયાએ માહિતી આપી હતી કે સિંદિરગીમાં ઓછામાં ઓછી ત્રણ ખાલી ઈમારતો અને બે માળની એક દુકાન ધરાશાયી થઈ છે. તેમણે જણાવ્યું કે આ ઈમારતો પણ અગાઉ આવેલા ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થઈ ચૂકી હતી. સરકારી અનાદોલુ એજન્સીને સિંદિરગીના જિલ્લા પ્રશાસક ડોગુકોન કોયુનકુએ જણાવ્યું કે, ‘હાલમાં કોઈના મૃત્યુની જાણકારી મળી નથી, પરંતુ અમારું આકલન કાર્ય હજી પણ ચાલુ છે.

## ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં ત્રિશૂળ યુદ્ધાભ્યાસથી પાકિસ્તાનમાં ફફડાટ

**(એજન્સી) જયપુર,** ભારતના ત્રણેય સશસ્ત્ર દળો (નૌકાદળ, ભૂમિસેના અને વાયુસેના) દ્વારા ૩૦ ઓક્ટોબરથી યોજાનારી ×ત્રિશૂળ× કવાયતથી પાકિસ્તાનમાં ખળભળાટ મચ્યો છે. ભારતે પહેલાથી જ NOTAM (હવાઈ મિશનોને સૂચના) જાહેર કર્યું હતું. પાકિસ્તાને આ NOTAMથી ચિંતિત થઈ તેના સમગ્ર હવાઈ ક્ષેત્રમાં સૂચન કરી એલર્ટ રહેવા કહ્યું છે.

પાકિસ્તાનના તમામ હવાઈ ક્ષેત્ર બંધ કરી દેવામાં આવ્યા છે. પાકિસ્તાન દ્વારા આ પગલું તેના નૌકાદળના વડાની સર ક્રીક ક્ષેત્રની મુલાકાત બાદ લેવામાં આવ્યું છે. ભારતીય ભૂ-સેના, નૌકાદળ અને વાયુસેના રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારોમાં (૩૦ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી) સંયુક્ત કવાયત કરી રહ્યા છે. ભારતીય સેનાનો આ યુદ્ધાભ્યાસ સમુદ્રમાં અને રણ વિસ્તારોમાં થશે. ભારત તરફથી સાવચેતીના ભાગરૂપે નોટમ જાહેર કરવામાં આવ્યું હતું. જેથી કોઈપણ વિમાન તેની ઝપેટમાં ન આવે. બીજી બાજુ પાકિસ્તાને પોતે જ આ નોટમનું લગભગ સંપૂર્ણ દેશમાં ફેલાવો કર્યો હતો.

પાકિસ્તાનના નૌકાદળના વડાએ ગયા અઠવાડિયે સર ક્રીકની મુલાકાત લીધા બાદ તેની સૈન્ય તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ મહિનાની શરૂઆતમાં, ભારતીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સર ક્રીક વિસ્તારની મુલાકાત લીધી હતી અને ત્યાં સૈનિકો સાથે મુલાકાત કરી હતી. સંરક્ષણ મંત્રી સર ક્રીક ક્ષેત્રમાં પાકિસ્તાન દ્વારા લશ્કરી માળખાના વિસ્તરણ સામે કડક ચેતવણી આપી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે તેઓએ ભૂલવું ન જોઈએ કે સરક્રીકમાંથી પસાર થતો એક રસ્તો કરાચી તરફ જાય છે. આ ક્ષેત્રમાં દુશ્મન દ્વારા કરવામાં આવતી કોઈપણ હિંમત તેના ઈતિહાસ અને ભૂગોળ બંનેને બદલી શકે છે.ઓપરેશન સિંદૂર પછી ભારતીય સશસ્ત્ર દળો હિંદ મહાસાગરથી અરબી સમુદ્ર સુધી સક્રિય છે.

## ૧ નવેમ્બરથી પ્રદૂષણ ફેલાવતા કોમર્શિયલ વાહનોના દિલ્હીમાં પ્રવેશ પર પ્રતિબંધ

**(એજન્સી) નવીદિલ્હી,** દિલ્હીની હવાની ગુણવત્તા સુધારવા માટે, એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશને (CAQM) રાજધાનીમાં વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને એક નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ, ૧ નવેમ્બરથી પ્રદૂષણ ફેલાવતા કોમર્શિયલ વાહનોના દિલ્હીમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. આ સાથે કમિશને એ પણ સ્પષ્ટતા કરી છે કે, દિલ્હીમાં માત્ર BS-6, CNG, LNG અને ઈલેક્ટ્રિક માલવાહક વાહનોને જ પ્રવેશની મંજૂરી મળશે. ભારત સ્ટેજ ૪ (BS-૪) એન્જિન ધરાવતા કોમર્શિયલ વાહનો ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી દિલ્હીમાં પ્રવેશી શકશે.

## ભારત અને રશિયા વચ્ચે ખાસ ડીલ

**(એજન્સી)નવીદિલ્હી,** ભારતે રશિયા સાથે ઉડ્ડયન ક્ષેત્રમાં એક મોટું પગલું ભર્યું છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) અને રશિયાની પબ્લિક જોઈન્ટ સ્ટોક કંપની યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશન (PJSC-UAC) એ સોમવારે (૨૭ ઓક્ટોબર) મોસ્કોમાં એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ, સુખોઈ સુપરજેટ SJ-૧૦૦ સિવિલ કોમ્યુટર એરક્રાફ્ટ ભારતમાં બનાવવામાં આવશે.આ ટ્વીન-એન્જિન, નેરો-બોડી એરક્રાફ્ટમાં આશરે ૧૦૦ મુસાફરોની ક્ષમતા અને આશરે ૩,૦૦૦ કિલોમીટરની રેન્જ છે. તે ખાસ કરીને સ્થાનિક ફ્લાઈટ્સ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. એવું નોંધાયું છે કે વિશ્વભરમાં આવા ૨૦૦ થી વધુ એરક્રાફ્ટ બનાવવામાં આવ્યા છે અને ૧૬ થી વધુ એરલાઈન ઓપરેટરો દ્વારા ઉપયોગમાં લેવાય છે.નિષ્ણાતોના મતે, ભારતમાં SJ-૧૦૦ નું ઉત્પાદન દેશની પ્રાદેશિક હવાઈ જોડાણ યોજના UDAN (ઉડે દેશ કા આમ નાગરિક) માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. જે દેશના નાના શહેરો અને નગરોને હવાઈ નેટવર્ક સાથે જોડવામાં નોંધપાત્ર રીતે મદદ કરશે.



## ઝારખંડમાં છઠ પૂજામાં ૫ બાળકો ડૂબ્યાં, બે દિવસમાં કુલ ૧૧ મોત

**(એજન્સી) બોકારો,** ઝારખંડમાં સોમવારે છઠના પવિત્ર પર્વ નિમિત્તે પૂજા દરમિયાન વિવિધ સ્થળોએ પાંચથી વધુ બાળકો ડૂબ્યા હોવાના અહેવાલ છે. જેના કારણે છેલ્લા બે દિવસમાં રાજ્યમાં ડૂબીને મૃત્યુ પામેલા કુલ મૃત્યુઆંક ૧૧ થયો છે. પોલીસે જણાવ્યું હતું કે છઠ પૂજા દરમિયાન ડૂબીને મૃત્યુ પામનારા મોટાભાગના લોકો ડૂબી ગયા હતા. સોમવારે એક સગીર અને બે પુરુષો પણ જળાશયોમાં ડૂબ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે હજારીબાગ, ગઢવા અને સિમડેગા જિલ્લામાં પાંચ બાળકોના મોત થયા હતા. રવિવારે સિમડેગા અને પલામુ જિલ્લામાં છ બાળકો ડૂબી ગયા હતા.

ઝારખંડમાં છઠનું આનંદ પર્વ શોકમાં ફેરવાયું હતું. જેમાં કેટલાકે પોતાનો એકનો એક પુત્ર ગુમાવ્યો હતો, જ્યારે અન્ય લોકોએ પોતાના માતા-પિતા ગુમાવ્યા હતાં. પોલીસે જણાવ્યું હતું કે રવિવારે સાંજે છઠ પૂજા દરમિયાન હજારીબાગના કેરેદરી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બેલા ગામમાં બે સગીરા ગુનગુન કુમારી (ઉ.વ. ૧૧) અને રૂપા તિવારી (ઉ.વ.૧૨) તળાવમાં ડૂબી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. ગઢવામાં સોમવારે બપોરે સદર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળની દાનરો નદીમાં સ્નાન કરતી વખતે ૧૩ વર્ષીય રાહુલ કુમાર ડૂબી ગયો હતો. સદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સુનિલ તિવારીએ જણાવ્યું હતું કે રાહુલ નદીમાં સ્નાન કરતી વખતે ઊંડા પાણીમાં ગયો અને ડૂબી ગયો. સ્થાનિક લોકોએ તેને પાણીમાંથી બહાર કાઢી અને સદર હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## ‘મોન્થા’ વાવાઝોડું આંધ્રપ્રદેશના દરિયા કિનારે ત્રાટક્યું : આજે ઓડીશા પહોંચશે

**(એજન્સી)હૈદરાબાદ,** બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતીય તોફાન ‘મોન્થા’ આજે મંગળવારે મોડી રાત્રે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યું હતું જેના પરિણામે કિનારાના વિસ્તારોમાં ભારે વિનાશ જોવા મળતો હતો. મોન્થા વાવાઝોડું આવતીકાલે વિશાખાપટ્ટનમ પહોંચશે . વાવાઝોડું આંધ્રપ્રદેશના દરિયા કિનારે ત્રાટક્યું ત્યારે પવનની ઝડપ ૧૦૦ કેએમપીએચ હતી અને દરિયામાં ૧૬ થી ૨૦ ફુટ ઉંચા મોજા ઉછળતા જોવા મળ્યા હતાં મોન્થા વાવાઝોડું ૧૭ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહયું છે.



વાવાઝોડાની અસરને કારણે ચેન્નઈ અને તેની આસપાસના ઉપનગરોમાં સોમવાર સવારથી જ સતત વરસાદ ચાલુ છે, જેની તીવ્રતા રાત્રે વધી હતી. હવામાન વિભાગે ચેન્નઈ અને તિરુવલ્લુર જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપી છે, જેના કારણે બંને જિલ્લા વહીવટી તંત્રએ સાવચેતીના ભાગરૂપે શાળાઓમાં રજા જાહેર કરી દીધી છે.

કેરળમાં પણ મંગળવારે વરસાદ ચાલુ રહયો હતો. આ તોફાનની અસર દેશના મોટા ભાગમાં જોવા મળી રહી છે, મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં પણ ૨૮ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન મધ્યમથી ભારે વરસાદ થવાની સંભાવના છે, જેના માટે ચંદ્રપુર, ગઢચિરોલી, નાગપુર સહિત ઘણા જિલ્લાઓમાં ‘યલો’ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

મોન્થા વાવાઝોડું સમય જતા વધુને વધુ વિનાશક બની રહયું છે જેના પરિણામે સ્થાનિક રાજય સરકારો અને કેન્દ્ર સરકાર એલર્ટ થઈ ગઈ છે. તમામ રાજય સરકારો કેન્દ્રના સંપર્કમાં છે અને જરૂરી તમામ સહાયની ખાતરી આપવામાં આવી છે. એનડીઆરએફની ટીમોને પણ તૈનાત કરી દેવાઈ છે. જયારે દરિયા કિનારાના ગામોને ખાલી કરાવી દેવામાં આવ્યા છે. દરિયામાંથી માછીમારોને પણ પરત બોલાવી લેવામાં આવ્યા છે.

આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને ઓડીશા રાજયના જિલ્લાઓમાં આ વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. તોફાની પવન ફુંકાતા કેટલાક સ્થળોએ ઘરો ધરાશાયી થઈ ગયા છે જયારે વૃક્ષો પણ ઉખડી ગયા છે. ૫૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ વાવાઝોડાની અસર ત્રણ દિવસ સુધી કેરળ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઝારખંડમાં થઈ શકે છે જેનાથી વરસાદ પડશે.

## જયપુરમાં ફરી બસમાં લાગી ભયંકર આગ, ૨ના મોત

**(એજન્સી) જયપુર,** જયપુરમાં મનોહરપુર વિસ્તારમાં આજે સવારે મજૂરોથી ભરેલી બસના હાઈટેન્શનને ટચ થવા પર બસમાં આગ લાગી ગઈ. આ દરમિયાન બસમાં કંરટ દોડ્યો અને જેમાં ૧૦ મજૂરો બળ્યા તેની જાણકારી સામે આવી છે. જેમાં ૫ મજૂરો ગંભીર રીતે ઘાયલ છે. જાણકારી અનુસાર ટોડી સ્થિત ઈંટ ભટ્ઠા પર મજૂરોને બસથી લાવવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન ૨ લોકોના મોત નીપજ્યા છે. રાજસ્થાનના જયપુરમાં એક મોટો અકસ્માત સામે આવ્યો છે. જ્યાં મજૂરોને લઈને જઈ રહેલી બસ હાઈ-ટેન્શન લાઈનના તારના સંપર્કમાં આવી ગઈ. આ ઘટનામાં ૧૦થી વધુ મજૂરો સળગ્યા અને બેના મોત થયા હતા.




ફોન:૦૭૯-૨૨૧૪૨૬૪૪/૪૫, ૯૯૯૮૦૫૬૯૫૯
પુરોહિત હોટલ
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૧.
અમદાવાદ શહેરમાં રહેવા અને જમવા માટેનું એકમાત્ર સ્થળ
★એસી/નોન એસી રૂમ. ★એ.સી. ડાઈનીંગ હોલમાં વિવિધ વાનગીઓ સાથે. ★ટિફીન/પાર્સલ સેવા ઉપલબ્ધ ★પેક લંચની આગવી અને વિશિષ્ટ સગવડ



